सा विद्या या विमुक्तये

# શારદ

વર્ષ ૨૨ ઓકટોબર ૨૦૦૧ અંક ૨

## વાલીઓને.....

### પ્રવાસો અંગે મહત્વની સ્પષ્ટતા

શાળા પ્રવાસો અંગે સ્પષ્ટ સમજ વાલીઓ પાસે હોય તે જરૂરી સમજું છું. અને તેથી નીચેની વિગતો રજૂ કરું છું.

વિદ્યાર્થીનાં વિકાસમાં પ્રવાસો ખૂબ મહત્વનો ભાગ ભજવે છે તે વિશે બે મત નથી. પરંતુ, આજે આપણા પરિવારનાં સાધનોની મર્યાદા, આ સાધનોનો ઉપયોગ કરનારની મોટી સંખ્યા, માર્ગની સુરક્ષિતતાનો અભાવ વિગેરે અનેક પરીબળોએ પ્રવાસોને મુશ્કેલ અને જોખમી બનાવી દીધા છે.

શાળાએ ભૂતકાળમાં સુંદર આયોજન કરી ૩૫-૪૦ દિવસનાં લાંબા પ્રવાસો વડે સમગ્ર ભારતમાં અનેક પ્રદેશો પ્રવાસમાં આવરી લીધાં હતાં જે મુજબ કરવું આજે તો માત્ર એક સ્વપ્ન બની ગયું છે. ભૂતકાળમાં શાળા પાસે પોતાની જ બસો હતી એટલે અનુકૂળ દિવસોની ગોઠવણી મુજબ જુદા-જુદા સ્થળોની જરૂરીયાત મુજબ રહેઠાણ કરીને આયોજનપૂર્વક બધા ધોરણોનાં રાજસ્થાન, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ જેવા સંલગ્ન રાજ્યોના પ્રવાસોનું આયોજન પણ ખૂબ સુયોજીત રીતે કરી શકાતું હતું. જે કરવું આજે શકય જણાતું નથી.

આમ છતાં શૈક્ષણિક પ્રક્રિયામાં પ્રવાસો મહત્વનું પરિબળ છે. એટલે વ્યવહારીક રીતે જ્યાં શકય હોય ત્યાં પ્રવાસની પ્રવૃત્તિને પ્રોત્સાહન આપવાનો અભિગમ અમારો રહ્યો છે.

અગાઉ જણાવ્યું તેમ શાળા પાસે આજે પોતાની બસો નથી એટલે ટ્રાવેલ કંપનીને પરિવહન અને રહેવા જમવાની સંપૂર્ણ જવાબદારી સોંપીને માત્ર શૈક્ષણિક બાબતો પોતાને હસ્તક રાખીને શાળા હાલ પ્રવાસોનું આયોજન નીચે મુજબ કરે છે. શ્રેણી ૧ થી ૪ માટે નજીકના સ્થળે એકાદ રાત્રી નિવાસ થઈ શકે તે પ્રકારનો પ્રવાસ ગોઠવવામાં આવે છે. જે મુજબ અંબાજી, પાલીતાણા, ડાકોર, ભીલડીયાજી જેવા યાત્રાના સ્થળો સામાન્ય રીતે પસંદ કરાય છે. શ્રેણી ૫, ૬, ૭ માટે બે કે ત્રણ રાત્રી નિવાસ થઈ શકે તેવા પ્રવાસનું આયોજન કરવામાં આવે છે. જે મુજબ જેસલમેર, રાણકપુર, દ્વારકા જેવા યાત્રા સ્થળો પસંદ કરવામાં આવે છે.

પ્રવાસનું આયોજન ટ્રાવેલ કંપનીને સોંપી દેવું તે આદર્શ પરિસ્થિતિ અવશ્ય નથી કારણકે આમ કરવાથી પ્રવાસના દિવસો, પ્રવાસના સ્થળો, ઉપડવાનો સમય વગેરે ઘણી બાબતો છે કે જેના ઉપર આપણે તેઓ ઉપર નિર્ભર રહેવાનું થાય છે. છતાં પ્રવાસ શિક્ષણનું મહત્વનું પાસું છે. તે ધ્યાનમાં રાખીને આ મર્યાદાઓનો સ્વીકાર કરવો પડયો છે.

જે પ્રવાસોનું આયોજન શાળા દ્વારા થયું ન હોય તે પ્રવાસોમાં વિદ્યાર્થીઓ ન જોડાય તેવો નકારાત્મક અભિગમ સંસ્થાનો નથી. શાળા પોતાની અનેક મર્યાદાઓને કારણે જે ન થઈ શકતું હોય તે અન્યથા થતું હોય તો વિધેયાત્મક અભિગમથી તેને પ્રોત્સાહન આપવું જોઈએ. એમ અમે માનીએ છીએ. છતાં જ્યાં અન્ય શાળાઓના વિદ્યાર્થીઓનો સમાવેશ પણ કરવામાં આવ્યો હોય તેવી જવાબદારી અથવા ટિકિટ રીઝર્વેશનથી માંડીને ટ્રેકીંગની વિશિષ્ટ પ્રકારની માહિતી સંસ્થા પાસે ન હોય ત્યારે તેનું આયોજન સંસ્થા ન કરે તે જરૂરી છે તેમ હું માનું છું. પરંતુ ટ્રેકીંગ વગેરેની અનેક વિધેયાત્મક પ્રવૃત્તિને વેગ મળવો જોઈએ. એટલે અન્ય સંસ્થાઓએ તૈયાર કરેલા પોસ્ટર, પત્રિકાઓ, તેમને માટેની મીટીંગ અંગેની સુવિધાઓ વગેરે બાબતોમાં સંસ્થાનો સહકાર તેમને અપાતો હોય છે. પરંતુ આમ થતાં આ પ્રકારના પ્રવાસ કે ટ્રેકીંગનું આયોજન સંસ્થાએ કર્યું છે તેવો ભ્રમ પેદા ન થવો જોઈએ. અને આ અંગે શાળા સંપૂર્ણપણે જવાબદારી મુકત રહેવા માંગે છે તે સ્પષ્ટતાપૂર્વક જણાવું છુંઅને વાલીઓને તેની નોંધ લેવા વિનંતીછે.

મને આનંદ એ વાતનો છે કે ગુજરાતમાં પર્યાવરણ સંબંધી જાગરૂકતા પેદા કરવામાં યુથ હોસ્ટેલ્સ, અનાલા, ડોલ્ફીન, ઈન્ડીયન એક્સ્પ્લોરર જેવી અનેક કલબોએ મહત્વનો ભાગ ભજવ્યો છે અને સુંદર રીતે કાર્યક્રમોનું આયોજન કરે છે અને તેથી તેમને આ પ્રવૃત્તિમાં બધી જ રીતે સહકાર આપવાનો અભિગમ સંસ્થાએ રાખ્યો છે. આ ઉપરાંત આ સંસ્થાઓના નિકટના પરિચયમાં હું છું અને એ પ્રવૃત્તિઓમાં મને અંગત રસ હોઈ આવા કાર્યક્રમોમાં કેટલીકવાર હું જોડાઉં પરંતુ આ પ્રકારના કાર્યક્રમોની જવાબદારી સંસ્થા લઈ શકે તેમ ન હોઈ સંસ્થા તે કાર્યક્રમો આયોજીત કરતી નથી અને તેથી મને એ સ્પષ્ટતા કરવી જરૂરી લાગે છે કે આ કાર્યક્રમો સંસ્થા આયોજીત કરતી નથી. તેવી સ્પષ્ટ સમજ વાલીઓને આપવી જોઈએ.

કેટલાક સજાગ વાલીઓએ અમે જેની સાથે કોઈપણ રીતે સંકળાએલા ન હોઈએ તે બાબતે પૃચ્છા કરતાં આ પ્રકારની સ્પષ્ટતા જરૂરી જણાઈ છે. ઉપરની વિગતો પૂરતી છે તેમ માનું છું. પરંતુ કોઈપણ પ્રવાસ અંગે વાલી તે પ્રવાસ શાળા આયોજીત છે કે અન્ય પ્રવાસ સંસ્થાએ આયોજિત કર્યો છે તે સ્પષ્ટતા મેળવી લે અને પોતાના બાળકને મોકલવું કે કેમ તે નિર્ણય લે તેવી અપેક્ષા છે.

કનુભાઈ
ના વંદન

## P.S.N. ( પરમેનન્ટ સ્ટુડન્ટ નંબર )

આ સંસ્થાનાં જુદા જુદા વિભાગો માટે જુદા-જુદા જી.આર. ( જનરલ રજીસ્ટર ) નંબર હોય છે. અને વિભાગ બદલાય ત્યારે નવા વિભાગમાં ક્રમાનુસાર તે વિદ્યાર્થીનો તે વિભાગમાં નવો જી.આર. આવે છે. વિદ્યાર્થીનો સતત રેકોર્ડ રાખવો આથી મુશ્કેલ બને છે. આથી હવે દરેક વિદ્યાર્થીને દાખલ થતાં જ PSN આપવામાં આવશે અને તે વિદ્યાર્થી અન્ય વિભાગમાં દાખલ થાય ત્યારે પણ જી.આર. બદલાય છતાં પણ તેનો PSN તેનો તે કાયમ રહેશે.

અત્યારે શાળામાં જે વિદ્યાર્થીઓ ભણે છે તેમને પણ PSN આપવામાં આવી રહ્યા છે. અને તેની નોંધ આઈન્ડેન્ટી કાર્ડ બની રહયા છે. તેમાં તે વિદ્યાર્થીના PSN ની નોંધ કરવામાં આવી રહી છે.

(સ્થળ સંકોચને કારણે ' સ્મૃતિચિત્રો ' ને સ્થાન આપી શકાયું નથી.)

## પરીક્ષા બાળકની કે વાલીની ?

"નિરાલી ..... બધું વંચાઈ ગયું ? જો બરાબર સારા અક્ષર કાઢીને લખજે ,ઉતાવળ ન કરીશ ."

" પણ મમ્મી .... તું રીસેસમાં તો આવીશને ? "

" શાને માટે ? "

" મમ્મી ... પેલી ભૂમિની ,નિશાની બધાની મમ્મીઓ રિસેસમાં આવે છે અને તું જ નથી આવતી. ભૂમીની મમ્મી તો કાલે રિસેસમાં એને માટે આઈસ્ક્રીમ લઈને આવી હતી. મમ્મી મને તો એવું મોમાં પાણી આવી ગયું. ...અને વળી પાછું ત્યાં જ બેસી અને ફરી વંચાવતી હતી. હે મમ્મી ! પછી એને વધારે માર્કસ્ આવે જ ને !"

' બેટા, એવું ન હોય.. છેલ્લી વખતે વાંચીએ તો જ વધુ માર્કસ્ આવે એવું ઓછું જ હોય ! તમે રોજેરોજ કેવો અભ્યાસ કર્યો છે અને રીવીઝન જો બરાબર ધ્યાન રાખીને એકબે વાર કર્યું હોય તો છેલ્લા અડધા કલાકમાં વાંચવાથી કશો જ ફેર પડતો નથી. "

" તો મમ્મી ભૂમિ, નિશા, એ બધાંની મમ્મીને આવી ખબર નહીં હોય !"

પરીક્ષા, પરીક્ષા, પરીક્ષા... પહેલા ધોરણની પિન્કી આવી. ' બેન ! મને પેટમાં બહુ જ દુઃખે છે ને ઉલ્ટી થાય છે.. ' પેલો નિલાંગ પરીક્ષાનાં ટેન્શનમાં સ્કુલમાં આવતાં સાયકલ પરથી પડી ગયો ને હાથે ને પગે બધું છોલાઈ ગયું... નાના બાળકોનાં મગજમાં પરીક્ષાનો આ હાઉ ! ...ભણવા પ્રત્યે જ તેમને અણગમો ન થઈ જાય ! શું પરીક્ષાનાં માર્કસ્ એ જ શું બાળકની બુધ્ધિ માપવાની પારાશીશી છે ? કે પછી ' મારો નિહાર તો ખૂબ હોંશિયાર છે તેને તો ૯૦ થી ઓછા માર્કસ્ કયારેય નથી આવતાં' કહી આપણે લોકો વચ્ચે ડોક ઊંચી રાખી ગર્વ બતાવવો છે. છોકરાંઓને શું આપણ આપણા પ્રતિષ્ઠાના પ્યાદા બનાવવા છે !

બાળક રોજ જ સાડા અગિયારથી પાંચ શાળામાં આવે છે. બપોર-ની રીસેસમાં શાંતિથી નાસ્તો પણ કરે છે, તો પછી પરીક્ષાનાં દિવસે શા માટે વાલીએ માટે દોડધામ કરવી પડે ! એ સ્પેશીયલ ટ્રીટમેન્ટ આપી વાલીને સંતોષ થતો હશે કે મેં તેનું ખૂબ ધ્યાન આપ્યું. છેલ્લે છેલ્લે રીવીઝન કરાવ્યું એટલે માર્કસ્ વધુ આવ્યાં. પણ બાળકનાં મગજમાં માબાપની આ બધી અધીરાઈથી પરીક્ષા માટેની એક બીક ઉભી થાય છે જે તેને આગળ ઉપર ભારે નુકશાન કરે છે. પરીક્ષાનો સામનો કરતાં તે ડરે છે, પરિણામે તે સાયકોસોમેટીક રોગનો ભોગ બને છે, કયાંતો ચોરી કરવા પ્રેરાય છે. ભણવા પ્રત્યે અણગમો ઉભો થાય છે. સર્વપલ્લી રાધાકૃષ્ણને કહ્યું" બાળકની સાહજીકતાને મૂરજાવી ન દો " માબાપની સંતાન માટેની આ અધીરાઈ એને મૂરઝાવી જ દે છે. માબાપની છોકરાઓનાં અભ્યાસ અંગેની જાગૃતિ ખૂબ જરૂરી છે પણ આવી અધીરાઈ તેમના વિકાસની અવરોધક બને છે. બાળકના હિત માટે બધું જ કરીએ પણ ફકત માર્ક તરફ જ ડોળો રાખી આજના શિક્ષણને અભ્યાસલક્ષી બનાવવાને બદલે માત્ર પરીક્ષાલક્ષી કે માર્કસ્લક્ષી બનાવવામાં ય શું માબાપનો ફાળો મહત્વનો નથી ! માબાપની મમતા બાળકનાં વિકાસમાં અવરોધ બની ઊભી રહી જાય એ કેવી કરુણતા!!!

**ઊર્મિલા શાહ**

માણસની ઘણીખરી કેળવણી, મુખ્ય કેળવણી તો એના બચપણમાં જ પૂરી થાય છે. બાળકનું ચારિત્ર્ય ઘડાય છે તે તો માબાપના ખોળામાં, ઘર આંગણાંની રમતમાં અને શેરીના બાળ ગોઠીયાઓની સોબતમાં.. બાળ શિક્ષણ તો છે માણસના હૃદયમાંથી ફૂટી નીકળતો શૂચિ વાત્સલ્યનો ફૂવારો. બાળકને આનંદ દ્વારા કેળવવાનું છે. ઉમાશંકર જોશી

## સંસ્થાકીય સમાચાર

### બાલવાડી

તા.૧૪-૯-૨૦૦૧નાં રોજ બાળકોએ કઠપૂતળીનો ખેલ જોયો.

ઉંદર અને ટોપીની વાર્તા જ્યારે શિક્ષકોએ નાટયસ્વરૂપે રજૂ કરી ત્યારે તો સૌ બાળકો મુગ્ધ બની તેમાં તન્મય થઈ ગયાં. ' બીકણ સસલી ' ની વાર્તા પણ તેમણે સમૂહમાં બેસી ખૂબ માણી.

હવે ૬ઠ્ઠી ટુકડીનાં બાળકો પણ આવી ગયાં છે અને બધાંજ બાળકો ખૂબ સરસ ગોઠવાઈ ગયાં છે. ઈંદ્રીય શિક્ષણ અને જીવન વ્યવહારનાં પાઠો તન્મય થઈને માણે છે. બાલવાડીમાં મળતાં વાતાવરણમાં તેઓને મોકળાશ લાગે છે, અને આનંદ સાથે કિલ્લોલ કરતાં તેઓ આત્મીયતાનો અનુભવ કરતાં થયાં છે.

### બાલમંદિર

તા.૨૬-૭-૨૦૦૧ને ગુરુવારે સંસ્થાનો ૭૮મો સ્થાપનાદિન બાળકોએ ખૂબ જ ઉત્સાહપૂર્વક ઉજવ્યો. બાળકોએ આખોય કાર્યક્રમ સરસ રીતે રજૂ કર્યો. મા શારદાની ભાવપૂર્ણ સ્તુતિથી કાર્યક્રમનો પ્રારંભ થયો. બાળકોથી બનેલા રથમાં બાલરથીની સવારી ' આવે પેલો બાલરથી ' નાં સ્વર અને સંગીતનાં તાલ સાથે આવી પહોંચી. મુખ્ય અતિથિ તરીકે પધારેલ સંસ્થાનાં ભૂતપૂર્વ વિદ્યાર્થી અને વાલી બેન દિપાલી શાહે કુંકુમ અક્ષતથી બાલરથીને તિલક કરી મોં મીઠું કરાવી અભિવાદન કર્યું. બાળકોનું આવું અભિવાદન ખરેખર પ્રેરણાત્મક છે. ત્યારબાદ સુંદર રંગબેરંગી ચણિયાચોળીમાં સજ્જ થયેલી નાનકડી બાળાઓએ ' હવામાં આજ વહે છે ધરતી કેરી ખુશખુશાલી ' નૃત્યગીત ભાવભરી રીતે ઝલકમય રીતે રજૂ કર્યું. ત્યારબાદ ગરબો ' એવો આવે છે શારદાનો સાદ' અને છેલ્લે ' શારદમાંના બાળ ' હાથમાં રંગબેરંગી ધજા અને ફુગ્ગા લઈ બાળકોએ આનંદ, ઉત્સાહ અને ગૌરવપૂર્ણ રીતે કૂચ કરી.

તા.૩-૮-૨૦૦૧ને શુક્રવારે તાલીમનાં બાળકોએ રક્ષાબંધન પર્વ ઉજવ્યુ.

તા.૧૧-૮-૨૦૦૧ને શનીવારે બાળકોએ કૃષ્ણજન્મ ઉત્સવ ઉજવ્યો. આટલા નાના બાળકોએ નૃત્ય સંગીત અને અભિનયનો જે સુમેળ સાધ્યો હતો તેનાથી આખોય કાર્યક્રમ દિપી ઉઠયો. બાળકોને આવા કાર્યક્રમો દ્વારા જ આપણી સંસ્કૃતિનો ભવ્ય વારસો પ્રાપ્ત થાય છે. ભણતરની સાથે સાથે જીવનનાં મૂલ્યોનું આ ઘડતર પણ ખૂબ મહત્વનું છે. બાળકોનો આત્મવિશ્વાસ અદભૂત રીતે પ્રગટ થતો હતો.

તા.૧૪-૯-૨૦૦૧ને ગુરુવારે બાળકોએ કઠપૂતળીનો ખેલ માણ્યો.

તા.૧૧-૯-૨૦૦૧ને મંગળવારે બ વિભાગ માટે તથા તા.૨૧-૯-૨૦૦૧ને શુક્રવારે તાલીમનાં બાળકો માટે ગાંધીનગરનો પ્રવાસ યોજાયો.

### શિશુમંદિર

તા.૨૧-૭-૦૧નાં રોજ ' કેર ફોર નેચરનાં ' ઉપક્રમે ભૂકંપ વખતે રાખવામાં આવેલી ચિત્ર સ્પર્ધાનો ઈનામવિતરણ કાર્યક્રમ યોજાયો.

તા.૨૬-૭-૦૧નાં રોજ શાળાનો સ્થાપનાદિન ઉત્સાહભેર ઉજવાયો. મુખ્ય મહેમાન શ્રી આશિષભાઈ સોપારકર શ્રી નયનાબેન સોપારકર અને ભૂતપૂર્વ વિદ્યાર્થી મંડળના કારોબારી સમિતિનાં સભ્ય શ્રી યશપાલભાઈ ઝાલાએ બાલરથીનું કુંકુમ તિલકથી અભિવાદન કર્યું. આખોય કાર્યક્રમ ખૂબ સફળ રહ્યો.

તા.૧૧-૮-૦૧નાં રોજ જન્માષ્ટમી ઉત્સવ ઉજવાયો. બાળકોએ ઉત્સાહભેર કૃષ્ણજન્મનાં પ્રસંગો, નૃત્ય, ગરબા, રાસ ,નાટક, મટકીફોડ વિગેરે સુંદર અભિનય સાથે રજૂ કર્યા.

તા.૯-૮-૦૧નાં રોજ ધો.૧ થી ૪ માટે સુલેખન સ્પર્ધા યોજવામાં આવી.

### આંતરગૃહ સ્પર્ધાઓ

| | | | | |
|---|---|---|---|---|
| રાખડી | ભાઈઓ | પ્રથમ | અભિજ્ઞ શાહ | (મેઘનાદ) |
| સ્પર્ધા | | દ્વિતીય | રીકીન શાહ | (ધવલગિરિ) |
| ૨-૮-૦૧ | બહેનો | પ્રથમ | કોમલ તલાટી | (રત્નદીપ) |
| | | દ્વિતીય | આશ્કા વોરા | (ગંગોત્રી) |
| ફૂલના | | પ્રથમ | ભાગ્યશ્રી દેસાઈ | (રત્નદીપ) |
| ગજરા બનાવવવાનની | | દ્વિતીય | નેન શાહ | (રત્નદીપ) |
| સ્પર્ધા | | તૃતીય | આરોહી ત્રિવેદી | (મેઘનાદ) |
| ૭-૮-૦૧ | | | ઋતુ પારેખ | (મેઘનાદ) |
| રમકડાં | ભાઈઓ | પ્રથમ | આત્મન ફોજદાર | (ધવલગિરિ) |
| બનાવવાની | | દ્વિતીય | ઋત્વિગ ભટ્ટ | (ગંગોત્રી) |
| સ્પર્ધા | | | મંથન શાહ | (ધવલગિરિ) |
| ૭-૮-૦૧ | | તૃતીય | અચ્યુત પંચાલ | (મેઘનાદ) |
| | | | ભૌમિક પટેલ | (મેઘનાદ) |
| રાષ્ટ્રધ્વજ સ્પર્ધા | | પ્રથમ | આરોહી ત્રિવેદી | (રત્નદીપ) |
| ૯-૮-૦૧ | | દ્વિતીય | સહજ પરીખ | (ગંગોત્રી) |
| | | | પ્રીત આચાર્ય | (ગંગોત્રી) |
| | | તૃતીય | જાનકી ગોરજી | (ધવલગિરિ) |
| પારણાં સ્પર્ધા | | પ્રથમ | નિષ્ઠા દવે | (રત્નદીપ) |
| ૧૦-૮-૦૧ | | દ્વિતીય | આરોહી ત્રિવેદી | (રત્નદીપ) |
| | | | આત્મન્ ફોજદાર | (ધવલગિરિ) |
| | | તૃતીય | વંદિતા દેસાઈ | (ધવલગિરિ) |
| | | | હર્નિશા પરીખ | (ધવલગિરિ) |
| પંચાજીરી (સ્વાદ) | | પ્રથમ | ઋત્વિગ ભટ્ટ | (ગંગોત્રી) |
| ૧૦-૮-૦૧ | | દ્વિતીય | જાનકી શાહ | (ગંગોત્રી) |
| | | | અભિજ્ઞ શાહ | (મેઘનાદ) |
| | | તૃતીય | ભાગ્યશ્રી દેસાઈ | (રત્નદીપ) |
| પંચાજીરી (ડેકોરેશન) | | પ્રથમ | જાનકી શાહ | ક ગંગોત્રી) |
| ૧૦-૮-૦૧ | | દ્વિતીય | અભિજ્ઞ શાહ | (મેઘનાદ) |
| | | | વિશાલ શાહ | (રત્નદીપ) |
| | | તૃતીય | સહજ પરીખ | (ગંગોત્રી) |
| | | | ભાગ્યશ્રી દેસાઈ | (રત્નદીપ) |
| ગણેશમુર્તિ | | પ્રથમ | વાચા શાહ | (ગંગોત્રી) |
| ૨૦-૮-૦૧ | | દ્વિતીય | દેવસ્ય જાની | (ગંગોત્રી) |
| | | | નિષ્ઠા દવે | (રત્નદીપ) |
| | | તૃતીય | મિરાજ શાહ | (ધવલગિરિ) |
| નંદાવ્રત સાથિયા | | પ્રથમ | જાનકી ગોરજી | (ધવલગિરિ) |
| ૨૦-૮-૦૧ | | દ્વિતીય | પૂજા જાની | (મેઘનાદ) |
| | | | સમ્યક શાહ | (મેઘનાદ) |
| | | તૃતીય | સહજ પરીખ | (ગંગોત્રી) |
| | | | હિર્વીતા શાહ | (ધવલગિરિ) |
| ગુજરાતી સુલેખન | | પ્રથમ | જાહનવી ચોકસી | (રત્નદીપ) |
| ૧૪-૯-૦૧ | | દ્વિતીય | જૈની પરીખ | (મેઘનાદ) |
| | | તૃતીય | શુભમ્ બક્ષી | (રત્નદીપ) |
| | | | કુશાંગી પટેલ | (ધવલગિરિ) |
| અંગ્રેજી સુલેખન | | પ્રથમ | ઉર્જિત જોશી | (ધવલગિરિ) |
| ૧૪-૯-૦૧ | | દ્વિતીય | મિલિન વોરા | (રત્નદીપ) |
| | | | જાનકી શાહ | (ગંગોત્રી) |
| | | તૃતીય | સહજ પરીખ | (ગંગોત્રી) |
| | | | રાહીલ શાહ | (મેઘનાદ) |
| હિન્દી સુલેખન | | પ્રથમ | જાનકી ગોરજી | (ધવલગિરિ) |
| ૧૪-૯-૦૧ | | દ્વિતીય | રીમા પટેલ | (ધવલગિરિ) |
| | | | કોમલ તલાટી | (રત્નદીપ) |
| | | તૃતીય | નિધિ ઠક્કર | (મેઘનાદ) |
| | | | નિધિ રાજા | (ગંગોત્રી) |

**સીનીયર ગ્રુપ**

| | | | |
|---|---|---|---|
| રાખડી સ્પર્ધા | પ્રથમ | કૃપાલી મનાણી | (ધવલગિરિ) |
| ૮-૮-૦૧ | દ્વિતીય | નીવા શાહ | (મેઘનાદ) |
| | | જ્યાયસી દેસાઈ | (ધવલગિરિ) |
| | તૃતીય | કરિશ્મા મહેતા | (રત્નદીપ) |
| | | મિતિશા વૈદ્ય | (મેઘનાદ) |
| ગણેશમૂર્તિની સ્પર્ધા | પ્રથમ | જીનલ જાદવ | (મેઘનાદ) |
| ૨૪-૮-૦૧ | દ્વિતીય | હર્ષિન નાગોરી | (મેઘનાદ) |
| | | જ્યાયસી દેસાઈ | (ધવલગિરિ) |
| | તૃતીય | સાગર શાહ | (ગંગોત્રી) |

## વિનયમંદિર

તા. ૨૧-૭-૨૦૦૧નાં રોજ થયેલ ચુંટણીમાં નીચે પ્રમાણે મંત્રીઓ ચૂંટાયા છે.

| | | |
|---|---|---|
| ભાઈઓ | મહામંત્રી | હર્ષ ગાંધી |
| | ઉપમંત્રી | બંદિશ સોપારકર |
| બહેનો | મહામંત્રી | નિરાલી તલાટી |
| | ઉપમંત્રી | જીનાલી ઝવેરી |

ઈતર પ્રવૃત્તિને અનુલક્ષીને નીચે પ્રમાણે ગૃહનેતાઓની નિમણૂંક કરવામાં આવી છે.

| | | | |
|---|---|---|---|
| પદ્મપુકુર | ભાઈઓ | નેતા | પાર્થિવ ત્રિવેદી |
| | | ઉપનેતા | ગુંજન કામદાર |
| | બહેનો | નેતા | મેઘા તલસાણિયા |
| | | ઉપનેતા | આલીશા દલાલ |
| ચંદ્રમૌલિ | ભાઈઓ | નેતા | પરિન ગાંધી |
| | | ઉપનેતા | લવ જાની |
| | બહેનો | નેતા | વૈદેહી મહેતા |
| | | ઉપનેતા | જાહનવી ગાંધી |
| ગીતગોવિંદ | ભાઈઓ | નેતા | નિકેત શાહ |
| | | ઉપનેતા | અમલ ગાંધી |
| | બહેનો | નેતા | રીમા જોષી |
| | | ઉપનેતા | એષા મહેતા |
| મેઘદૂત | ભાઈઓ | નેતા | અર્ચિલ શાહ |
| | | ઉપનેતા | શૈલ બૂચ |
| | બહેનો | નેતા | જાનકી ગાંધી |
| | | ઉપનેતા | શચી ત્રિવેદી |

તા. ૨૪-૯-૦૧નાં રોજ યોજાયેલ વકતૃત્વ સ્પર્ધામાં કુ. હેમાલી દીનેશભાઈ પ્રથમ, કુ. કૃપા પંકજભાઈ દ્વિતીય અને કુ. પાયલ શાહ તૃતીય આવ્યાં છે. નિર્ણાયક તરીકે પ્રો. મનુભાઈ શાહ તથા શ્રી ભરતભાઈ દેસાઈએ સેવા આપી.

**આંતરગૃહ સ્પર્ધાઓ**

| | | | |
|---|---|---|---|
| રાખડી સ્પર્ધા | પ્રથમ | જાનકી શાહ | (મેઘદૂત) |
| ૨-૮-૦૧ | દ્વિતીય | મૌલિક વ્યાસ | (પદ્મપુકુર) |
| | તૃતીય | સ્તુતિ શાહ | (ગીતગોવિંદ) |

| | | | | |
|---|---|---|---|---|
| અંગ્રેજી સુલેખન સ્પર્ધા | | પ્રથમ | આલીશા દલાલ | (પદ્મપુકુર) |
| ૯-૮-૦૧ | | દ્વિતીય | પરીતા દેસાઈ | (પદ્મપુકુર) |
| | | તૃતીય | નાજુક શાહ | (મેઘદૂત) |
| હિન્દી સુલેખન સ્પર્ધા | | પ્રથમ | રૂચી ચુડગર | (ચંદ્રમૌલી) |
| ૯-૮-૦૧ | | દ્વિતીય | પીના જોષી | (મેઘદૂત) |
| | | તૃતીય | હીરવા શાહ | (પદ્મપુકુર) |
| ગુજરાતી સુલેખન સ્પર્ધા | | પ્રથમ | પરીતા દેસાઈ | (પદ્મપુકુર) |
| ૯-૮-૦૧ | | દ્વિતીય | મુકુંદ શ્રીમાળી | (ગીતગોવિંદ) |
| | | તૃતીય | લવ જાની | (ચંદ્રમૌલી) |
| રાષ્ટ્રધ્વજ સ્પર્ધા | | પ્રથમ | ક્ષિતિજ અમીન | (ગીતગોવિંદ) |
| ૧૧-૮-૦૧ | | દ્વિતીય | મિલાપ શાહ | (ચંદ્રમૌલી) |
| | | | મૌલિક વ્યાસ | (પદ્મપુકુર) |
| | | તૃતીય | જૈના મહેતા | (ચંદ્રમૌલી) |
| | | | પરીન ગાંધી | (ચંદ્રમૌલી) |
| નિબંધ સ્પર્ધા | ગુજરાતી | પ્રથમ | મિલાપ શાહ | (ચંદ્રમૌલી) |
| | | દ્વિતીય | પાર્થિવ દેસાઈ | (પદ્મપુકુર) |
| | | તૃતીય | મેઘા તલસાણીયા | (પદ્મપુકુર) |
| | અંગ્રેજી | પ્રથમ | સ્તુતિ શાહ | (ગીતગોવિંદ) |
| | | દ્વિતીય | સિલ્વા શાહ | (પદ્મપુકુર) |
| | | તૃતીય | રાજદીપ પરીખ | (મેઘદૂત) |

## અભિનંદન

**વકતૃત્વ :** બી.ડી. કૉલેજ દ્વારા આયોજીત વકતૃત્વ સ્પર્ધામાં કુ.પાયલ શાહે વ્યક્તિગત પારિતોષિક અંતર્ગત રજતચંદ્રક મેળવેલ છે.

અખિલ હિંદ મહિલા પરિષદ અમદાવાદ શાખા આયોજીત આંતરશાળા શીઘ્ર વકતૃત્વ સ્પર્ધામાં ચિ.કુશલ ઓઝાએ પ્રથમ ઈનામ મેળવેલ છે.

**કવીઝ :** નિસર્ગ કોમ્યુનીટી સાયન્સ સેન્ટર ગાંધીનગર આયોજીત સાયન્સ કવીઝમાં ચિ.નિરવ પારેખે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યું છે.

**નિબંધ:** અખિલ હિંદ મહિલા પરિષદ એલીસબ્રીજ શાખા આયોજીત આંતરશાળા નિબંધ સ્પર્ધામાં ધો.૮માં ચિ.આનંદ પટેલને પ્રથમ તથા ચિ. મિહિર રાવલને દ્વિતીય ઈનામ, ધો.૭માં ભૂમિ ત્રિવેદીને તૃતીય, ધો.૬માં ચિ.દેવસ્ય જાનીને પ્રથમ તથા ચિ.જૈની પરીખને બીજું ઈનામ તથા ધોરણ ૫ માં ભૂમિ શાહને દ્વિતીય ઈનામ અને અચ્યુત પંચાલને તૃતીય ઈનામ મળ્યાં છે.

**ચિત્ર સ્પર્ધા :** ભારતીય જીવન વીમા નિગમ દ્વારા યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં બ વિભાગમાં ચિ.ભૂમિ શાહને તૃતીય ઈનામ મળ્યું છે.

United Nations Population Fund આયોજીત ઈન્ટરનેશનલ પોસ્ટર સ્પર્ધા ૨૦૦૦માં ચિ.દેવસ્ય જાનીને સર્ટીફીકેટ ઓફ મેરીટ મળ્યું છે.

ઓલ ઈન્ડીયા ચિલ્ડ્રન આર્ટ એકઝીબીશન ૨૦૦૧માં ચિ.ભૂમિ શાહને રજતચંદ્રક મળ્યો છે.

ગુજરાત રાજ્ય કલા શિક્ષક સંઘ તરફથી યોજાયેલ ચિત્ર સ્પર્ધામાં વિભાગ ૧ માં ચિ.ૠતુ શાહને પાંચમું તથા વિભાગ ૨ માં ચિ.દેવસ્ય જાનીને પ્રથમ ઈનામ મળ્યાં છે.

**ચેસઃ** અમદાવાદ ચેસ એકેડમી આયોજીત ટુર્નામેન્ટમાં સંવિત શાહને તેમજ હીર શાહને પારિપોષિકો પ્રાપ્ત થયા છે.

**કરાટે :** ટેકવેન્ડો એસોસીએશન તરફથી પૌરીન શાહને યલો બેલ્ટ અને કૃપાલી રાવળને જુનિયર ગર્લ્સ કોમ્પીટીશનમાં સુવર્ણ ચંદ્રક પ્રાપ્ત થયો છે.

**તરણ કલા :** અમદાવાદ જિલ્લા સ્તરે તરણ સ્પર્ધા તથા એલિસબ્રીજ જીમખાનામાં સહજ પરીખ અને આનંદ પરીખને વિવિધ સ્પર્ધાઓમાં પારિતોષિકો પ્રાપ્ત થયા છે.

## સ્વ. રમણભાઈ દવે આંતરશાળા સુગમ સંગીત સ્પર્ધા

તા. ૨૯-૯-૦૧નાં રોજ યોજાઈ, જેમાં ધોરણ ૫ થી ૭ નો એક વિભાગ અને ધોરણ ૮ થી ૧૨ નો વિભાગ રાખ્યો હતો. નિર્ણાયક તરીકે શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી તથા જાણીતાં સંગીતજ્ઞ શ્રી અમરભાઈ ભટ્ટ તથા શ્રી માલવભાઈ દિવેટીયાએ સેવા આપી. નીચેના વિદ્યાર્થીભાઈ બહેનો વિજેતા નીવડયાં.

**મોટો વિભાગ**

| | | |
|---|---|---|
| પ્રથમ | ચિ.સુહાની પંડયા | માઉન્ટ કાર્મેલ સ્કુલ |
| દ્વિતીય | ચિ.કલગી ઠાકોર | સી.એન.વિદ્યાવિહાર |
| તૃતીય | ચિ.ઉર્જિતા શાહ | દિવાન બલ્લુભાઈ માધ્યમિક શાળા |

**નાનો વિભાગ**

| | | |
|---|---|---|
| પ્રથમ | નિરાલી શુકલ | સી.એન.વિદ્યાવિહાર |
| દ્વિતીય | ભૂમિ ત્રિવેદી | શારદામંદિર |
| | જ્યાયસી દેસાઈ | શારદામંદિર |
| તૃતીય | પક્ષ્મન દવે | શારદામંદિર |

આ પ્રસંગે નિયામક મુરબ્બી શ્રી દિનુભાઈએ સ્વર્ગસ્થ રમણભાઈની સંનિષ્ઠ સેવાઓને બિરદાવી.

## સંસ્થાનું ગૌરવ

સંસ્થાના હિન્દીના શિક્ષિકા શ્રી નિકુંજબેન જાનીને ગુજરાત રાજ્ય હિંદી સાહિત્ય અકાદમી તરફથી અપાતા શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક યોજનામાં એમનાં કહાની સંગ્રહ 'પલાશકી પંખુડિયા' માટે પ્રમાણપત્ર અને પુરસ્કાર તા.૧૫-૯-૦૧નાં રોજ રાજસ્થાનનાં ન્યાયમૂર્તિ શ્રી કલ્લાસાહેબનાં હસ્તે એનાયત કરવામાં આવ્યો.

યુનાઈટેડ કિંગડમની વુડક્રાફટ ફોક ઈન્ટરનેશનલ નામની સંસ્થા દ્વારા સમર કેમ્પમાં ભાગ લેવા ભારતની 'આંતરભારતી' સંસ્થા દ્વારા ચિ.બંદીશ સોપારકરને આમંત્રણ મળ્યું હતું. ભારતમાંથી મોકલવામાં આવેલા ફકત પાંચ જ વિદ્યાર્થીમાં ભાઈ બંદિશની પસંદગી થઈ હતી તે ગૌરવની વાત છે. દુનિયાના લગભગ ૩૪ દેશોના લગભગ ત્રણેક હજાર પ્રતિનિધિઓએ આ કેમ્પમાં ભાગ લીધો હતો.

સંસ્થાના ભૂતપૂર્વ વિદ્યાર્થી ભાઈ પ્રણવ અમીન એક અત્યંત તેજસ્વી અને તરવરીયા વિદ્યાર્થી તરીકેની પોતાની છાપ સંસ્થામાં મૂકતા ગયા છે. આજે તેઓ કેલીફોર્નીઆમાં આંખના નિષ્ણાત ડૉક્ટર તરીકે પ્રવૃત્ત છે. સાત વર્ષની ઉંમરે પોતાની દ્રષ્ટિ ગુમાવેલી અને ડોકટરોના નિરાશાજનક અભિપ્રાય તઈી હારેલી એવી એક સિત્તેર વર્ષની વૃધ્ધાને તેમણે સફળ ઓપરેશન કરીને નવી દ્રષ્ટિ આપી છે. આની નોંધ ત્યાંના અખબારોએ ફોટા સાથે ગૌરવપૂર્ણ રીતે લીધી છે. ભાઈ પ્રણવને અભિનંદન.

**નોંધ:** દાંતના નિષ્ણાત ડોકટર ચિ.પૂર્વી શાહ અને નિરવ ઝવેરીએ ધો.૫ થી ૯ના વિદ્યાર્થીઓની દાંતની તપાસ કરી આપી. સંસ્થા આ સેવા બદલ આભારની લાગણી વ્યકત કરે છે.

---

બાળક માટે સૌથી મુખ્ય ચીજ છે વિશ્વાસ. બાળકને વિશ્વાસ બેસી જવો જોઈએ કે માબાપ જે કાંઈ નિર્ણય લેશે તે મારા હિતનો હશે.

મીરા ભટ્ટ

---

તંત્રી, મુદ્રક, પ્રકાશકઃ **દિનુભાઈ દવે**, આચાર્ય અને નિયામક,
શારદામંદિર, અમદાવાદ-૩૮૦૦૦૭.
EMAIL: shaarad@satyam.net.in